मन की बात 100
MANN KI BAAT 100

# મન કી બાત

ભાગ.3



# MANN KI BAAT
## VOL.3

**Script Writers**
Sarda Mohan and Shashi Mukherjee

**Illustrations and Cover Art**
Dilip Kadam

**Assistant Artist**
Ravindra Mokate

**Production**
Amar Chitra Katha

**Layout Artist**
Tarangini Mukherjee

**Published by**
Amar Chitra Katha Pvt. Ltd

**Gujarati**

ISBN - 978-81-19242-97-9

Amar Chitra Katha Pvt. Ltd, June 2023

© Ministry of Culture, Govt of India, June 2023
All rights reserved. This book is sold subject to the condition that the publication may not be reproduced, stored in a retrieval system (including but not limited to computers, disks, external drives, electronic or digital devices, e-readers, websites), or transmitted in any form or by any means (including but not limited to cyclostyling, photocopying, docutech or other reprographic reproductions, mechanical, recording, electronic, digital versions) without the prior written permission of the publisher, nor be otherwise circulated in any form of binding or cover other than that in which it is published and without a similar condition being imposed on the subsequent purchaser.

You can now get ACK stories as part of your classroom with **ACK Learn**,
a unique learning platform that brings these stories to your school with a range of workshops.
Find out more at **www.acklearn.com** or write to us at **acklearn@ack-media.com**.

આ પણાં દેશમાં પ્રચુર માત્રામાં પ્રાચીન જ્ઞાન અને જાણકારી છે, જેમાંની કેટલીક જાણકારી તો આધુનિકતા તરફની આંધળી દોડમાં ભૂલાવી દેવામાં આવી છે.

આગળ વધવું એ ખૂબ સારી વાત છે પરંતુ તે સાથે જ આપણાં વંશજો આપણા માટે જે પાછળ મૂકીને ગયા છે તે વિવિધ વારસાને પિછાણવું અને તેને માનવું પણ એટલું જ મહત્વનું છે.



આવા જ એક વિચારથી માલિંગ ગોમ્બુને 1,000 વર્ષ જૂની કાગળ બનાવવાની કળાને પુનર્જીવિત કરવાની પ્રેરણા મળી અને તે પણ વૃક્ષોમાંથી નહીં, પરંતુ શુગુ શેંગ નામના નાના ઝાડવાની છાલમાંથી.

'મન કી બાત' કૉમિક સિરિઝના ત્રીજા વોલ્યુમમાં, તમે અરૂણાચલ પ્રદેશના આ અદ્ભુત માણસ વિશે જાણશો. જેણે તેની જાતિ - મોન્પા જાતિના લોકો દ્વારા બનાવવામાં આવતા પર્યાવરણને અનુકૂળ કાગળને એક નવું જીવન આપ્યું છે.

શું તમે ક્યારેય વૉટર એમ્બ્યુલન્સ વિશે સાંભળ્યું છે? ઠીક છે, તો તમે હવે તારીક અહમદ પાટલૂની વાર્તા સાંભળો, જેણે શ્રીનગર, કાશ્મીરની સુંદર ડલ લેક પર વૉટર એમ્બ્યુલન્સની સેવા ચલાવી. અને તે પણ COVID-19 લૉકડાઉન દરમિયાન.

બહાર નીકળવું અને એવું કંઈક કરવું જે તમારા માટેની અનુકૂળ પરિસ્થિતિમાં ન હોય, એટલું સહેલું નથી. તેમાં હિંમત, નિર્ધાર અને મુશ્કેલીઓનો સામનો કરવાની ઇચ્છાશક્તિની જરૂર હોય છે. પણ એકવાર તમે તે કરી લો, તે પછી તમને કંઈક અલગ કર્યાનો - તમારું દિલ તમને કહે તેવું કંઈક કર્યાનો અનેરો સંતોષ મળશે.

મારો સ્નેહ અને મારા શુભાશિર્વાદ હંમેશાં તમારી સાથે છે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 1 | મેલિંગ ગોમ્બુ | 3 |
| 2 | ઉર્ગેન ફુન્ટસોગ | 6 |
| 3 | શ્રીનિવાસ પાડકન્ડલા | 9 |
| 4 | ભાગ્યશ્રી સાહુ | 12 |
| 5 | રામ લોટન કુશવાહ | 14 |
| 6 | તારીક અહમદ પાટલૂ | 17 |
| 7 | સંજય કચ્છપ | 19 |
| 8 | હરિશચંદ્ર સિંઘ | 22 |
| 9 | સચ્ચિદાનંદ ભારતી | 24 |
| 10 | સિકરી ટિસ્સો | 27 |
| 11 | પી.એમ. મુરુગેસન | 30 |

# મેલિંગ ગોમ્બુ




*સામાન્ય રીતે પેપિયર મેચ તરીકે ઓળખાય છે- કાગળની લુગદી અને ગુંદરનું મિશ્રણ




*લાકડાની રાખ ભેળવેલું પાણી


હું એક ફોરમ બનાવી રહ્યો છું અને તેમાં યુવાન લોકો જોડાય તેમ ઇચ્છું છું.
તે શેના માટેનું હશે?
આપણે આપણી જનજાતિઓ માટે સદ્કાર્ય કરવા અને આપણી પરંપરાઓને જાળવી રાખવા માટે કામ કરીશું.
મેલિંગે 'યુથ એક્શન ફોર ટ્રાઇબલ વેલફેર' નામનું જૂથ બનાવ્યું જેમાં તેમના જેવા ઘણાં લોકો જોડાયા.
પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મન કી બાતમાં મેલિંગની પ્રશંસા કરી.
મોન્પાસ આ કાગળને શુગુ શેંગ નામના છોડની છાલમાંથી બનાવે છે, તેથી આ કાગળ બનાવવા માટે ઝાડ કાપવાની જરૂર હોતી નથી. ઉપરાંત, તેને બનાવવા માટે કોઈ રસાયણનો ઉપયોગ કરવો પડતો નથી. હવે, એક સ્થાનિક સામાજિક કાર્યકર્તા, ગોમ્બુએ આ કલાને પુનર્જીવિત કરીને તેની જનજાતિના લોકોને રોજગાર આપવાનો પ્રયાસ કર્યો છે.
ખાડી અને ગ્રામ ઉદ્યોગ કમિશનના ચેરમેન, વિનય કુમાર સક્સેના મોન શુગુ વિશે જાણવા માટે ઉત્સુક હતા.
વિશાળ પ્રમાણમાં કાગળનું ઉત્પાદન કરવા અમને એક એકમ સ્થાપિત કરવાની જરૂર છે.
ખૂબ લાંબા સમય પહેલાં તેનો એક પ્રયાસ કરવામાં આવ્યો હતો પરંતુ ભૂપ્રદેશ અને ખરાબ ઇન્ફ્રાસ્ટ્રક્ચરને લીધે તે એટલું સરળ નથી
તમામ સમસ્યાઓ છતાં, સક્સેનાજીએ તવાંગમાં એક મેન્યુફેક્ચરિંગ યુનિટ સ્થાપિત કરવામાં મદદ કરી.
શું તમે ખુશ છો?
ખૂબ ખુશ છું, વિનય! અમે એક દિવસમાં કાગળની 500 શીટ વેચીએ છીએ! શું તમે જાણો છો કે આ કાગળ પરના લેખનને 5,000 વર્ષ સુધી જાળવી શકાય છે?
મોન શોગુની સ્ટોરી બતાવે છે કે થોડાંક પ્રયાસો વડે, ભારતની સ્વદેશી કળા અને હસ્તકલા જાળવી શકાય છે.

# ઉર્ગેન ફુન્ટસોગ




*લદ્દાખની ભાષા ભોટીમાં, માતા
^ઇન્ડો-તિબેટન બોર્ડર પોલીસ

**ભોટીમાં મોટી બહેન




*કાંચ અથવા પ્લાસ્ટિકનું બનાવેલું એક સ્ટ્રક્ચર કે જેનાથી આબોહવા-નિયંત્રિત પરિસ્થિતિઓ બને છે
^કાર્બનિક ખાતર

**માટીને ગરમી, ઠંડી અથવા શુષ્કતાથી સુરક્ષિત કરવા માટે જમીનને સ્ટ્રૉ અને


ઉર્ગેનની સફળતાના સમાચાર દૂર-દૂર અને બહોળા વિસ્તારમાં ફેલાયા.
તમે 14,000 ફૂટની ઊંચાઈએ તરબુચ ઉગાડી રહ્યાં છો! તે અવિશ્વસનીય છે!
હા હા! જુઓ, તે તમારી સામે જ છે.
2019માં ઇન્ટરનેશન જરનલ ઑફ કરન્ટ માઇક્રોબાયોલોજી અને અપ્લાઇડ સાઇંસે તેના પર એક પેપર પ્રકાશિત કર્યો.
સરકારે તેની સખત મહેનતની પ્રશંસા કરી અને તેને સ્ટેટ એવોર્ડ એનાયત કર્યો.
ATE AWARDS
BBC અને નેશનલ જીઓગ્રાફિક જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓએ તેના કામની પ્રશંસા કરી.
2016માં, તેને તેના ભાઈ સ્ટેન્ઝિનની ડોક્યુમેન્ટરીમાં દર્શાવાયો હતો. ડોક્યુમેન્ટરીનું નામ હતું 'ધ શેફર્ડ્સ ઑફ ધ ગ્લેશિયર્સ'.
DHAR INTE FILM
આ ફિલ્મે 17 રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય એવોર્ડ જીત્યાં.
ઉર્ગેન પોતાના પરિવારની મદદથી પાકની વિભિન્ન વેરાયટી ઉગાવે છે, લાઇવસ્ટોક મેનેજ કરે છે અને હોમસ્ટે પણ ચલાવે છે.
મારા પરિવાર - મારી બહેન, સેરિંગ, મારો ભાઈ, સ્ટેન્ઝિન અને મારી પત્ની, ચમ્બા - આમના સિવાય હું કંઈ જ નથી. હું બધાને ચાહું છું.
ઉર્ગેને સાબિત કર્યું છે કે જેઓ સતત કંઈક નવું કરે અને મોટા સપના જુએ તેમના માટે કંઈપણ અશક્ય નથી.

# શ્રીનિવાસ પાડકન્ડલા




હું આ સ્ક્રેપ ધાતુ ખરીદવા માગુ છું. હું તેનો કોઈ સારો ઉપયોગ કરવાનો છું.
જલ્દી જ -
આ કેવું લાગે છે?
તે શાનદાર છે.
શ્રીનિવાસે સ્ક્રેપ ધાતુ, લાકડા અને પથ્થરનો ઉપયોગ કરીને મૂર્તિઓ બનાવવાનું શરૂ કર્યું.
શ્રીનિવાસ બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં ફાઇન આર્ટ્સમાં તેનું પોસ્ટ- ગ્રેજ્યુએશન કરવા માટે ગયો. ટૂંક સમયમાં -
અરે સાંભળ, આંધ્ર યુનિવર્સિટી દ્વારા એક રચનાત્મક મૂર્તિ અંગેનો કેમ્પ આયોજિત થઈ રહ્યો છે, શું તને....
અરે બિલકુલ, મારી કુશળતાઓને પ્રદર્શિત કરવાનો તે એક સારો અવસર હશે.
શ્રીનિવાસે દેશભરમાં મૂર્તિ સંબંધિત કેમ્પ અને એક્ઝિબિશનમાં ભાગ લેવાનું શરૂ કર્યું.
થોડા વર્ષો પછી -
VMC* એ એક મૂર્તિ કેમ્પ આયોજિત કર્યો છે. હું ત્યાં સ્ક્રેપ ધાતુમાંથી મૂર્તિઓ બનાવવાનાં યુવા કલાકારોનું માર્ગદર્શન કરવા જઈ રહ્યો છું.
તે અદ્ભુત છે. હું પણ આવીશ!
જલ્દી જ -
મેં કેમ્પમાં તમારી બનાવેલી શાનદાર મૂર્તિઓ જોઈ. હું ઇચ્છું છું કે શહેરભરમાં આવી મૂર્તિઓ મૂકીને તમે વિજયવાડાનું સૌંદર્ય વધારો.
બિલકુલ, સર. મને આનંદ થશે.
શ્રીનિવાસનો સંપર્ક કરનાર તે વ્યક્તિ હતા જી. વીરપાંડિયન, વિજયવાડાના મ્યુનિસિપલ કમિશનર.













*આંધ્રપ્રદેશનું એક બીજું શહેર

# ભાગ્યશ્રી સાહુ




*કુદરતી રંગોની મદદથી કપડા પર સ્ક્રોલ પેઇન્ટિંગ કરવી
^માસ્ટર ઑફ ટેક્નોલોજી, ઓડિશાના પુરી જીલ્લામાં

**પટ્ટચિત્ર કલાકારોનું એક ગામ



થોડા મહિના પછી-
તારે ખરેખર તેને વેચવાનો વિચાર કરવો જોઈએ! તે ખૂબ જ સુંદર છે.
શું તું મને કૅનવાસ પર એક બનાવીને આપીશ? હું તે ઘરે લઈ જઈશ.
ચોક્કસ, હું તારા માટે એક બનાવીશ, પણ કૅનવાસ પર?
ભાગ્યશ્રી તેની બહેનપણીઓને ઢેંકનાલમાં બ્રાહ્મણી નદીએ લઈ ગઈ.
હું આ પથ્થરો પર પેઇન્ટ કરી શકું છું. તે ગોળાકાર, લીસા અને યોગ્ય આકારના છે.
ખૂબ સારો વિચાર છે! આ કૅનવાસ કરતાં પણ વધુ સારું હોઈ શકે છે.
ભાગ્યશ્રીના પેઇન્ટ કરેલા સ્ટોન જલ્દી જ ખૂબ લોકપ્રિય બની ગયા.
વાહ, આ તો અદ્ભુત છે! મને વિશ્વાસ નથી થતો કે આ તેં પેઇન્ટ કર્યું છે.
આભાર! મને આ સ્ટોન્સને નવું જીવન આપવામાં આનંદ આવે છે.
મહામારી દરમિયાન, ભાગ્યશ્રીએ ખાલી બોટલો, ડબ્બા અને બલ્બ એકત્રિત કરવાનું શરૂ કર્યું. કેટલાક દિવસો પછી -
મા, આ બોટલો અને બલ્બ ઓળખી શકાય છે?
એકદમ મસ્ત! તું ફક્ત કલાકાર જ નથી, તું તો પર્યાવરણની પણ મદદ કરી રહી છે.
ભાગ્યશ્રીની જેમ, કદાચ આપણે બધા પણ આ કલા મારફતે આપણાં જીવનમાં અને આપણી આસપાસના વિશ્વમાં રંગ ભરી શકીએ છીએ.

# રામ લોટન કુશવાહ










*પિતા


તેનું નામ છે સુઈ-ધાગા.
અને તે ઘાને સાંધીને તેને મટાડે છે!
સુઈ ધાગા એટલે સોય અને દોરો અને રામ લોટનનો પુત્ર બરાબર કહેતો હતો - તેનો ઉપયોગ પ્રાચીનકાળથી તલવારથી થયેલા ઊંડા ઘાને સાંધવા અને તેને મટાડવા માટે કરવામાં આવે છે.
તમને હર્બ્સ વિશે આટલું બધુ કેવી રીતે જાણો છો?
મેં દરેક વસ્તુ તારા દાદાજી અને પર-દાદાજી પાસેથી શીખી છે
તો તમે જે જાણો છો તે દરેક વસ્તુ તમારે મને શીખવવી જ પડશે.
હું તને અને તારા નાના ભાઈને બધુ શીખવીશ.
2016માં રામ લોટન સ્ટેટ બાયોડાઇવર્સિટી બોર્ડ સાથે 40 જીલ્લાના પ્રવાસ પરની 5-સભ્યની એક ટીમનો એક ભાગ હતો.
એવા ઘણા બધા સ્થાનિક બીજ છે કે જેમનું સંરક્ષણ કરવું આવશ્યક છે.
રામ લોટન ઘરે પાછો ફર્યો ત્યારે-
જગ્ગી, મને બીજ અને ફળોને સંરક્ષિત કરવાની એક યોગ્ય રીત સમજાઈ ગઈ છે.
અચ્છા, તો મને આશા છે કે હવે ઘર ચલાવવા માટે થોડા વધુ પૈસા મળી જશે!
મોટું કુટુંબ હોવાને લીધે, જગ્ગી માટે ઘર ચલાવવું તેટલું સહેલું નહોતું.



હર્બ્સ અને શાકભાજીના સંરક્ષણની શોધમાં, રામ લોટને બીજ એકત્રિત કરવા માટે દૂર દૂર સુધી પ્રવાસ કર્યો. હિમાલયમાંથી...
ભાઈ, મને બ્રાહ્મીના મૂળ ક્યાંથી મળી શકશે?
...સતપુડા અને વિંધ્યની શ્રેણીઓમાં.
રામ લોટને પોતાની દોઢ એકર જમીનમાં 250 જાતના ઔષધીય છોડવાઓ અને દેશી શાકભાજી ઉગાડ્યા છે. ઘણાં લોકોએ ત્યાંની મુલાકાત લીધી
લોકોએ મને એમ કહીને હતોત્સાહિત કર્યો કે હિમાલયમાં ઉગતા છોડવાઓ અહીં ઉગી શકશે નહીં. પણ જુઓ, તે અહીં કેટલી સરસ રીતે ઉગી રહ્યાં છે.
રામ લોટન જી, તમારા હાથમાં તો જાદુ છે!
રામ લોટને પોતાના ઘરમાં, ‘દેશી’ મ્યુઝિયમ બનાવ્યું છે જેમાં અનેક જાતની દુધી અને દુર્લભ બીજ રાખેલા છે.
રામ લોટન જીનો પ્રયાસ આપણને આપણા દેશી છોડવાઓ પ્રત્યે ગૌરવનો અનુભવ કરાવે છે અને તેમનાથી જાગૃત બનાવે છે.
તે જગ્ગી જ છે કે જે રામ લોટનના આ પ્રવાસમાં સાવચેતીનો અવાજ છે અને અનિચ્છાએ સહમત છે.
તે વૃદ્ધ થઈ રહ્યો છે અને પોતાના કામને ચાલુ રાખવા માટે તેને મદદની જરૂર છે.
જો મને ખેતરની આજુબાજુ ફેન્સિંગ બનાવવામાં મદદ મળે તો જનાવરોથી સુરક્ષા મળશે અને એક કૂવો ખોદી લઈએ તો આખું વર્ષ પાણીનો પુરવઠો મળી રહેશે, જેનાથી હું આપણાં આ અમૂલ્ય બીજનું સંરક્ષણ કરવા માટે ઘણું બધુ કરી શકીશ.

# તારીક અહમદ પાટલૂ



આજે શ્રેયસ, ચરન અને પારુલ કેમ ગેરહાજર છે?
મને આશા છે કે ફરીથી કોવિડ તો નથી.
મને પણ એવું જ લાગે છે. હોસ્પિટલમાં બેડની અછતને કારણે ઘણાં બધા લોકોને પરેશાની થઈ હતી. ગામમાં તો સ્થિતિ વધુ ખરાબ હતી.
સાચી વાત, પણ આપણે તે લોકોને ભૂલવા ન જોઈએ જે તે પરિસ્થિતિમાં પણ લોકોની મદદ કરવા આગળ આવ્યા. જેમ કે, કાશ્મીરના તારીક અહમદ પાટલૂ.
કાશ્મીરના શ્રીનગરમાં, સુંદર તળાવની ઉપર લોકોનો એક સમૂહ વસે છે જે હાજીસ અથવા 'વૉટર ડ્વેલર્સ' તરીકે ઓળખાય છે. તેઓ બોટ પર જ રહે છે અને કામ કરે છે. જમીન પર જવા માટે તેઓ શિકારાશિકારા નામની નાની હોડીઓ પર હિચહાઇકિંગ અથવા 'તાર'ના સિસ્ટમનો ઉપયોગ કરે છે.
2020માં, જ્યારે COVID-19 મહામારીએ આખા વિશ્વનો ભરડો લીધો હતો -
અરેરે! મને શ્વાસ લેવામાં તકલીફ પડે છે. કૃપા કરીને મને દવાખાને લઈ જાઓ.
હું તમને નહીં લઈ જઈ શકું તારીક ભાઈ. મને ચેપ લાગી જશે.
તારીક અહમદ પટલૂ એ ડલ ઝીલની એક હાઉસબોટના માલિક છે. તેમને કોવિડ થયો પરંતુ કોઈપણ તેમને દવાખાને લઈ જવા માટે તૈયાર થતું નહોતું.
છેવટે, એક મિત્ર તેમને દવાખાને લઈ ગયા -
મારા ઘણા લોકો મરી રહ્યાં છે કારણ કે તેઓ સમયસર દવાખાને પહોંચી શકતા નથી
સદ્ભાગ્યે, તારીક સાજા થયા, પરંતુ વસ્તુઓને ઠીક કરવા માટેની અત્યધિક જરૂરિયાત સાથે.



તેમણે દિલ્હીમાં આવેલી એક એનજીઓ, સત્ય રેખા ટ્રસ્ટ સાથે વાત કરી.
હું ડલ લેકમાં એક એમ્બ્યુલન્સ સેવા ચાલુ કરવા માંગુ છું જેથી કરીને કોઈને મારા જેવી પરેશાની ન થાય.
આ ખૂબ સારો વિચાર છે. અમે તમારી સહાય કરીશું.
તે ટ્રસ્ટની સહાયથી, તારીકે એક હોડી બનાવી જેમાં ઇમર્જન્સીની સુવિધાઓ ફિટ કરી અને એક સાઇરન લગાડ્યું.
મારી વૉટર એમ્બ્યુલન્સ! તેમાં પથારી, ઑક્સિજન કોન્સન્ટ્રેટર્સ, સિલેન્ડર, માસ્ક, સેનિટાઇઝર, PPE કિટ, એક સ્ટ્રેચર, વ્હીલચેર, લાઉડસ્પીકર અને એક ઇમર્જન્સી કિટ રાખી.
તેમણે ડૂબી જતી હાઉસબોટની મદદ કરવા માટે ફાયરફાઈટિંગ ડિવાઇસ અને ટૂલ્સ પણ ઉમેર્યાં.
તારીકે સરોવર પરના લોકોને પોતાનો ફોન નંબર આપ્યો અને એક પછી એક કટોકટીઓમાં સામેલ થવા લાગ્યા.
ચિંતા કરશો નહીં. તમે સાજા થઈ જશો. અમે તમને દવાખાને લઈ જઈએ છીએ.
AMBULAN
તેમણે દવાખાનાઓની એમ્બ્યુલન્સ સાથે કૉઓર્ડિનેટ પણ કર્યું જેથી કરીને તેઓ કિનારા પર તેમની રાહ જોઈ શકે. તેમની તમામ સેવા નિઃશુલ્ક હતી અને તેમજ ચાલુ રહેશે.
તારીકને સરોવર પર કોઈપણ ઇમર્જન્સી હોય ત્યારે બોલાવવામાં આવે છે. સ્વચ્છતા પ્રત્યે જાગરૂકતા ફેલાવવા માટે, તેના કામમાં તેની 10 વર્ષની પુત્રી, જન્નતે સહાય કરી.
ધ્યાન આપો. લાલ હોડી! ડલ લેક આપણું ઘર છે. કૃપા કરીને તમે હમણાં ફેંકેલી તે બૉટલ ઉપાડી લો.
અઠવાડિયામાં બે વાર, પિતા અને પુત્રી સરોવર પર ફરીને બધો કચરો ભેગો કરે છે.
જૂન 2021માં પ્રધાનમંત્રી મોદીએ મન કી બાતમાં તેમનો ઉલ્લેખ કર્યો. તારીકે એક વિનંતી કરી.
મને એક હેલ્પલાઇન નંબર અને એક ડૉક્ટરની જરૂર છે જે મારી એમ્બ્યુલન્સમાં દર્દીઓને અટેન્ડ કરે.
નાગરિક દ્વારા થતી આના જેવી પહેલને સરકાર અને તેમના જેવા લોકો દ્વારા સપોર્ટ મળવો આવશ્યક છે.

# સંજય કચ્છપ



મેં સાંભળ્યું કે સ્કૂલની લાઇબ્રેરી સ્ટોરીબુકનું એક નવું કલેક્શન મેળવી રહી છે.
તે અદ્ભુત છે! મારી પિતરાઈ બહેન, પિંકી ગામમાં રહે છે, તેની સ્કૂલમાં લાઇબ્રેરી પણ નથી.
કદાચ ગામડાઓમાં લાઇબ્રેરી નહીં હોતી હોય.
આજની મન કી બાત સ્ટોરી સંજય કચ્છપ નામના વ્યક્તિ વિશે છે જે ઝારખંડના એક લાઇબ્રેરીમેન છે.
સંજય કચ્છપ, ઝારખંડના એક દૂરના ગામમાં, રાજ્ય સરકારના કર્મચારી તરીકે કામ કરે છે. એક સાંજે -
બસ, હજી 15 મિનિટ. મેં હજી પુસ્તક વાંચવાનું પુરું કર્યું નથી.
ના. હું એટલીવાર રાહ જોઈ શકતો નથી. તમારી પાસે તે એક કલાક પહેલાંથી જ છે.
અરે, ત્યાં શું ચાલી રહ્યું છે?
અમારી પાસે ઇતિહાસની ચોપડીની ફક્ત એક જ કૉપિ છે. અમે બંને જણા ગુપ્ત વંશનો અભ્યાસ કરીએ છીએ. મને પણ પુસ્તકની જરૂર છે.
હું ઇચ્છું છું કે આ વિદ્યાર્થીઓના વાંચવા માટે પર્યાપ્ત પુસ્તકો હોય. મને ખબર છે હું શું કરીશ.
આગલી સવારે, સંજય સ્થાનિક ચાયની દુકાને ગયો.
હેલો, શું ચાલી રહ્યું છે? હું ગામના વડીલોને ક્યાં મળી શકું છું?
અમારી પાસે એક કોમ્યુનિટી સેન્ટર છે જ્યાં તેઓ દરરોજ સવારે ગામની સમસ્યાઓ પર ચર્ચા કરવા માટે ભેગા થાય છે.




*ઝારખંડના પશ્ચિમ સિંઘભમ જીલ્લાનું એક ગામ




*ઇન્ટરનેટની મદદથી લોકોની વિશાળ સંખ્યા પાસેથી પૈસા ઉભા કરવા.

# હરિશચંદ્ર સિંઘ.




*ભારતીય કરૌંદા
^ચાસણીમાં રાખેલા કરૌંદા

**ઉત્તર પ્રદેશનો એક જીલ્લો




*એક ક્વિંટલ એટલે 100 કિલોગ્રામ.

# સચ્ચિદાનંદ ભારતી.




*એક આંદોલન જેમાં ગામવાસીઓ વૃક્ષોનું સંરક્ષણ કરવા માટે તેને વળગી જતા.

^ઉત્તરાખંડના ચમોલી જીલ્લાનું એક નગર.

સચ્ચિદાનંદ ભારતી.




*ઉત્તરાખંડના પૌડી ગઢવાલ જીલ્લામાં આવેલું એક ગામ.
^ઉત્તરાખંડમાં 25 કિમી. સુધી ફેલાયેલી પર્વત શ્રૃંખલા.
**પાણીનો સંગ્રહ કરવા માટેના ખાડા
^^પાણી બચાવો આંદોલન


વર્ષો જતા, તેમના પ્રયાસો વિશાળ સફળતામાં પરિણમ્યાં.
સુખા રૌલા* હવે આખું વર્ષ વહે છે!
હા, અગાઉ તે વરસાદ દરમિયાન ફૂલી જતું અને નવેમ્બર સુધીમાં સુકાઈ જતું હતું.
હવે જે થઈ રહ્યું છે તે માટે પાણીના ખાડાનો આભાર માનવો રહ્યો.
ગામના લોકોએ સુખા રૌલાનું નામ બદલીને હવે ગદગંગા કર્યું અને પછી પોતાના ગામનું નામ ગડખારક કર્યું.
જલ તલૈયાની સાથોસાથ, સચ્ચિદાનંદે વરસાદના પાણીનો વધુ સંગ્રહ કરવા અને જંગલોને બચાવવા માટે પર્વતોમાં સેંકડો તળાવ અને નહેરોની રચના પણ કરી.
હવે આપણે આખું વર્ષ આ ધારામાંથી પાણી પી શકીએ છીએ.
સચ્ચિદાનંદને તેના પ્રયાસો માટે ઘણાં એવોર્ડ મળી રહ્યાં છે, જેમાં બાકી અન્ય એવોર્ડ સાથે ઉત્તરાખંડ ગ્રીન એવોર્ડ 2011, મહાત્મા ગાંધી નેશનલ એવોર્ડ 2013, ઇંદિરા ગાંધી એન્વાયર્નમેન્ટ એવોર્ડ 2015 શામેલ છે.
જૂન 2021માં, પ્રધાનમંત્રી મોદીએ તેમના મન કી બાત પ્રોગ્રામમાં સચ્ચિદાનંદ ભારતી અને તેના પ્રયાસોનો ઉલ્લેખ કર્યો.
આજે, પૌડી ગઢવાલ હિલ્સમાં 150 ગામમાં 30,000 પાણીના ખાડા છે.
પર્યાવરણની સેવા કરીને, મને લાગે છે કે મારા જીવનનો હેતુ પૂરો થયો છે.
સચ્ચિદાનંદ અને ગામવાસીઓએ મળીને 50 લાખથી વધુ રોપાઓ વાવ્યા અને પાણીના ખાડાઓએ જંગલની આગને અટકાવી

*સૂકી કોતર

# સિકરી ટિસ્સો




*ઉડિયા ભાષામાં 'મને માફ કરો'
^આસામના વિશાળ જીલ્લાઓ પૈકી એક જીલ્લો
**કારબી ભાષામાં અભિવાદન



એક સાંજે -
હું કેટલાક હાલરડાં જાણું છું જે મારી દાદીમાં ગાતી હતી. શું તમે તેને પણ લખવા માગો છો?
ગજબ! બધી સંસ્કૃતિઓમાં હાલરડાંઓનું એક અનોખું સ્થાન છે. જો તમે ગાશો તો હું તેમને રેકોર્ડ કરી શકું છું.
મહિલા સંમત થઈ ગઈ અને સિકરીએ હાલરડાં રેકોર્ડ કરવાનું શરૂ કર્યું.
જલ્દી જ -
મેં સાંભળ્યું કે તમે કારબી સંસ્કૃતિ પર વિડિયો બનાવી રહ્યાં છો. અહીં મારો એક મિત્ર કારબી લોક ગીતો અને વાર્તાઓમાં નિપુણ છે. શું તે મદદ કરી શકે છે?
અરે, બિલકુલ! ગીતો અને વાર્તાઓથી બાળકોમાં ભાષા પ્રત્યે રુચિ નિર્માણ થશે.
સિકરીએ કારબી ગીતો અને વાર્તાઓનો એક આકર્ષક સંગ્રહ તૈયાર કર્યો અને સમુદાય સાથે શેર કર્યો.
વધુ માહિતી મેળવવા માટે, સિકરીએ સમગ્ર આસામ અને મેઘાલયની યાત્રા કરી. તે પાછો ફર્યો ત્યારે -
લોકોની કારબી ભાષા બોલવાની રીત સ્થાન દર સ્થાન બદલાય છે. શું તેઓ આપણા કારબી શબ્દકોશને સમજશે?
આપણે તેને દ્વિભાષી શબ્દકોશ કેમ નથી બનાવતા, જેમાં કારબી અને અંગ્રેજી બંને ભાષામાં અર્થ હોય?
હું તેમાં કારબી શબ્દોના વિવિધ પ્રકારો પણ તેમાં ઉમેરીશ.
સિકરી અને ગામના વડીલે શબ્દકોશ પર કામ કરવાનું શરૂ કર્યું. થોડા મહિના પછી-
ગુડ ઇવનિંગ, અંકલ સિકરી! તમે શું કરી રહ્યાં છો?
શશશ... તે મહત્વપૂર્ણ લાગે છે. ચાલો રમવા જઈએ.
ના, કોઈ વાત નહીં. હું દરેક શબ્દ લખીને આપણી કારબી ભાષા સાચવી રહ્યો છું. જો આપણે તેનું ધ્યાન નહીં રાખીએ, તો ભાષા લુપ્ત થઈ જશે.




*કારબી ભાષામાં બાળકો

^આસામમાં જનજાતીય ભાષાઓના સંરક્ષણ પર કામ કરનારા લોકોનો એક સમૂહ


પી.એમ.મુરુગેસન
આપણી શાળાએ આપણા માટે અત્યાર સુધી ગોઠવેલ વિશિષ્ટ ક્લાસ પૈકી આ સૌથી શ્રેષ્ઠ છે.
'બેસ્ટ આઉટ ઑફ વેસ્ટ' વર્કશૉપ; મને ખબર જ નહોતી કે નકામી વસ્તુઓમાંથી આટલી બધી વસ્તુઓ બનાવવી શક્ય છે.
નાયર સર ક્લાસમાં આવ્યા ત્યારે -
સર, જુઓ મેં આ નારિયેળના કોચલાનો કપ પેઇન્ટ કર્યો છે.
અને આ પેન હોલ્ડર મેં જૂની બંગડીઓમાંથી બનાવ્યું છે.
ખૂબ સુંદર! ચાલો આજે હું તમને મુરુગેસનની સ્ટોરી કહું, જેણે નકામા કેળાના રેસામાંથી હેન્ડ-ક્રાફ્ટ ઉત્પાદનોની એક શ્રૃંખલા બનાવી.
પી.એમ.મુરુગેસન જ્યારે 8મા ધોરણમાં હતો, ત્યારે તેમના કુટુંબના ખેતરમાં કામ કરવા માટે તેણે શાળા છોડી દીધી હતી, તે મદુરાઈના મેલક્કાલ ગામમાં રહેતો હતો.
ઓહ માં!
આ છોકરામાં જરાય સહનશક્તિ નથી.
તેઓ ગરીબ છે અને બે ટંકના ભોજન માટે કુટુંબના બધા લોકો ખેતર પર સખત મહેનત કરે છે.
મુરુગેસનનું મગજ તેજ હતું અને તેનું અવલોકન પણ સારું હતું. 2009માં, જ્યારે તે 41 વર્ષનો હતો -
કેળાના છોડના દરેક ભાગનો આપણે ઉપયોગ કરીએ છીએ, તેની દાંડીની અંદરનો ભાગ પણ ખાઈએ છીએ, પણ આ બહારના ભાગને બાળી દઈએ છીએ. આપણે તેનો પણ ઉપયોગ કેમ નથી કરી શકતા?
જો તે ઉપયોગ હોત, તો કોઈકે પહેલાં જ તે કરી લીધો હોત.
મુરુગેસનને આ વાત ગળે ઉતરી નહીં.
દાંડીના આવરણમાં ઘણા બધા સ્તરો છે...જો આપણે તેને અલગ કરી લઈએ અને તેની પટ્ટી બનાવીએ... હમ્મ....


એક દિવસ -
તમે શું કરી રહ્યાં છો?
આ એક સ્પિનિંગ મશીન છે જે નાળિયેરની ભૂકીમાંથી દોરડું બનાવે છે. હું કેળાની પટ્ટીઓમાંથી દોરડું બનાવવાનો પ્રયાસ કરું છું
તેનાથી કામ થયું નહીં પણ મુરુગેસન હવે નવી શોધના રસ્તે હતો. ખૂબ અજમાયશ અને ભૂલ સુધાર્યા પછી -
મેં બનાવી લીધી! આ નવી મશીન વડે, આપણે કેળાની દાંડીમાંથી દોરડું બનાવી શકીએ છીએ.
મુરુગેસને નાળિયેર મશીનને કેળાના પ્લાન્ટ અનુસાર બનાવી હતી!
સાયકલનું વ્હીલ અને પુલી વડે, મુરુગેસન કેળાના રેસામાંથી દોરડું બનાવવા સક્ષમ બન્યો હતો.
કેળામાંથી દોરડું! તે તૂટી જશે. આની કોણ ખરીદી કરે છે?
તેને મજબુત બનાવવા માટે આપણે જો તેને એકસાથે ગુંથી લઈએ તો.
પતિ અને પત્ની બંને દોરીને ગુંથવા અને મજબૂત દોરડું બનાવવામાં લાગી ગયા.
પણ હજી પણ તે બજારના અન્ય દોરડા જેટલા મજબુત નહોતા, તેથી કોઈ તેને લેતું નહોતું.
પણ હું પ્રયાસ છોડીશ નહીં. ચાલો પ્રયાસ કરીએ અને આમાંથી કંઈક બીજુ બનાવીએ.
બેગ, બાસ્કેટ, સાદડીઓ...દંપતિને લાગ્યું કે તેઓ તેમના દોરડામાંથી ઘણી બધી વસ્તુઓ બનાવી શકે છે.



જલ્દી જ, મુરુગેસને એક કંપનીની સ્થાપના કરી, જેનું નામ હતું એમ.એસ. રોપ પ્રોડક્શન સેન્ટર. તેનું નાનું બે-વ્યક્તિનું એકમ હવે દસ લોકોનું બન્યું. પણ, દોરડું બનાવવાની પ્રક્રિયામાં ખૂબ લાંબો સમય લાગતો હતો.
આપણે બધા આખો દિવસ કામ કરીએ છીએ અને માંડ કોઈ વસ્તુ બને છે. હાથથી મશીન ચલાવવાને બદલે, જો આપણે તેને એક મોટર જોડી દઈએ તો?
તેનાથી પ્રક્રિયા ખૂબ વધુ ઝડપી બની ગઈ અને મુરુગેસને પોતાના વિચારને પેટેન્ટ કરાવ્યો. 2016માં, તેણે એક નવી મશીન બનાવી જે એકના બદલે દોરડાના છ રોલ બનાવી શકતી હતી.
હવે આપણે 25,000 મીટર દોરડું બનાવી રહ્યાં છીએ! પહેલાં આપણે ફક્ત 2,500 મીટર બનાવી શકતા હતા!
આપણે ઘણી બધી મહિલાઓને કામ આપ્યું છે. તે વાતનો મને ખૂબ આનંદ છે.
જલ્દી જ, 350 કરતાંય વધુ મહિલાઓ આ પ્રક્રિયામાં સામેલ થઈ.
મુરુગેસને એક ઑટોમેટિક મશીન પણ ડિઝાઇન કરી જે દોરડું બનાવી પણ શકે છે અને તેને સુતળીથી બાંધી પણ શકે છે. તે જલ્દી જ ઉત્પાદનોનો નિકાસ પણ કરવા લાગ્યો
ક્લાયંટ મને પૂછી રહ્યાં છે કે હું મારા ઉત્પાદનોને કઈ કિંમતે વેચવા માગુ છું! કોઈપણ ખેડૂતને તેની કિંમત માટે નથી પૂછતા, આ અદ્ભુત છે
મુરુગેસનના ઉત્પાદનો બાયોડિગ્રેડેબલ છે અને પ્લાસ્ટિકનો એક સસ્તો વિકલ્પ પણ છે. તેને એગ્રો-ઇનોવેશન માટે તેણે ઘણાં રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરના એવોર્ડ મેળવ્યાં. તે હવે તેની પ્રક્રિયામાં લોકોને પ્રશિક્ષિત કરે છે અને સરકાર માટે તેની મશીનનું નિર્માણ પણ કરે છે.
2021માં, પ્રધાનમંત્રી મોદીએ પણ, કચરાને સંપત્તિમાં ફેરવવા અને ખેડૂતો માટે વધારાની આવકનો માર્ગ પ્રશસ્ત કરવા માટે, મન કી બાતમાં તેની પ્રશંસા કરી હતી.



# મન કી બાત

## ભાગ.3

મન કી બાતનું ત્રીજું વોલ્યુમ જીવનના વિવિધ ક્ષેત્રોના નાગરિકો પર પ્રકાશ પાડે છે જેઓ પોતાની આજુબાજુના લોકોના જીવનને બહેતર બનાવવામાં પોતાનો ફાળો આપી રહ્યાં છે.

જ્યારે Covid-19 મહામારી આવી અને શ્રીનગરના સરોવર પર રહેતા લોકો બીમાર પડવા લાગ્યા, ત્યારે તેમને કિનારેથી દવાખાને લઈ જવા માટે તારીક અહમદ પાટલૂએ એક બોટ એમ્બ્યુલન્સ બનાવી.

મોન શોગુ એ કાગળ બનાવવાની 1,000-વર્ષ-જૂની જનજાતીય કળા છે અને તે નષ્ટ થઈ રહી હતી. અરૂણાચલ પ્રદેશના મેલિંગ ગોમ્બુ તેની પુનરૂદ્ધારની આગેવાની કરનારા અને ડઝનબંધ લોકોને રોજગાર આપનાર વ્યક્તિ હતા.

શું તમે દરિયાઈ સ્તરથી 14,000 ફૂટની ઊંચાઈ પર તરબુચ ઉગાડવા વિશે સાંભળ્યું છે? ઉર્ગેન ફુન્સોગ, લદ્દાખનો નવા આવિષ્કાર કરનારો ખેડૂત, તેણે આ અને આવા બીજા કામો કરી બતાવ્યાં.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના લોકપ્રિય રેડિયો પ્રોગ્રામમાંથી લેવાયેલી, આ સામાન્ય લોકોની વાર્તાઓ છે જેમણે અસાધારણ વસ્તુઓ કરી બતાવી.



₹90

www.amarchitrakatha.com
ISBN 978-81-19242-97-9
9 788119 242979